# 23 ગુજરાતનાં લોકનૃત્ય

વિવિધ પ્રદેશોનાં લોકજીવનની સંસ્કૃતિ વ્યક્ત કરતું નૃત્ય એટલે લોકનૃત્ય. કોઈ પણ કળાનું આદિસ્થાન તો લોકકળા જ છે. લોકો દ્વારા રચાતાં સરળગીતો લોકજીવન ઉપર આધારિત હોય છે. ઉપરાંત તેની જીવનશૈલીથી ભરપૂર હોવાથી તે ગાયન, વાદન, નૃત્ય દ્વારા એની સુંદરતામાં વધારો કરે છે. તેથી આ પ્રકારનાં નૃત્ય લોકભોગ્ય બને છે. લોકનૃત્ય એ માતાજીના ઉત્સવરૂપ આરાધના સાથે સંકળાયેલું છે. તેમાં માત્ર ભક્તિ ઉપરાંત વ્યક્તિના કુટુંબ, સમાજ-જીવનની ઘટનાઓના માનવીય અને કૌટુંબિક સંબધોના ભાવો વ્યક્ત થયેલા હોય છે.

**(1) ગરબો/ગરબી : ગરબો :** ગરબો શબ્દ એ સંસ્કૃત ભાષાના ગર્ભદીપ (ઘડામાં મુકાયેલો દીવો) શબ્દ પરથી ઊતરી આવ્યો છે. ગરબાનું સર્જન મેવાડો વલ્લભ ભટ્ટ તથા તેમના ભાઈ મેવાડો ઘોડાભટ્ટે કરેલું છે. વલ્લભ ભટ્ટની કર્મભૂમિ બહુચરાજી હતી. ગુજરાતમાં શક્તિપૂજા તથા માતાજીની સ્તુતિ માટે ગરબા ગાવામાં આવે છે. તાળીઓ અને ઉલાળીઓમાં ઘાઘરાની ઘેરમાં સ્ત્રીનું મન વ્યક્ત થતું હોય છે. ઢબૂકતાં ઢોલ સાથે રાસ-ગરબાની રમઝટ જોવા મળે છે. જે ખાસ કરીને નવરાત્રિમાં જોવા મળે છે અને ઘડાને કોરાવીને એમાં દીપ મૂકી પ્રકાશ ફેલાવી બહેનો આનંદ અને ઉલ્લાસથી ગરબે ઘૂમે છે. ગરબો સ્ત્રીપ્રધાન છે. આ ઉપરાંત ગુજરાતમાં એક તાળી, ત્રણ તાળી અને ચપટી ગરબા જાણીતા છે.

**ગરબી :** માત્ર પુરુષો દ્વારા લોકસંગીતના તાલોમાં ગવાતાં કૃષ્ણભક્તિનાં પદોને ગરબી કહે છે. આ પ્રકાર પ્રાચીન છે જેની રચનાઓ કવિશ્રી દયારામ અને નરસિંહ મહેતા ઉપરાંત ભાલણ દ્વારા પણ થયેલી જોવા મળે છે.

**(2) રાસ અને રાસડા :** સૌરાષ્ટ્રમાં મોટે ભાગે રાસ પુરુષો લે છે જ્યારે રાસડા સ્ત્રીઓ લે છે. હલ્લીસક અને લાસ્ય નૃત્યોમાંથી રાસનો ઉદ્ભવ થયો છે. દાંડિયારાસમાં ત્રણ તાળીના રાસ ખમીરવંતા લાગે છે. સૌરાષ્ટ્રના ભરવાડો ગોપ સંસ્કૃતિનાં જાણીતાં નૃત્ય 'ડોકારાસ' અને 'હૂડારાસ' જેવાં નૃત્યો કરે છે. 'ડોકારાસ'માં ગીત જરૂરી નથી. જ્યારે 'હૂડારાસ'માં કાનગોપીનાં ગીત જાણીતાં છે. તેના નૃત્યમાં લય, ગેયતા અને તરલતાને કારણે આ કલાવારસો ચિરંજીવી બની શક્યો છે.

તેમાં ઉપયોગમાં લેવાતાં વાદ્યમાં મોરલી, પાવા અને શરણાઈ જેવા સુષિરવાદ્ય, કરતાલ, ઝાંઝ-ઘૂઘરા અને મંજીરા જેવા ઘનવાદ્ય, ઢોલ-ઢોલક, ડફ અને ખંજરી જેવા ચર્મ વાદ્યનો સામાન્ય રીતે ઉપયોગ થાય છે.



**(3) ધમાલ નૃત્ય :** આ નૃત્ય સીદીઓનું છે. સાસણગીરમાં સીદી આફ્રિકન મુસ્લિમો છેલ્લાં આશરે 300 વર્ષથી વસવાટ કરે છે. તેઓ તેમનાં પરંપરાગત ધમાલ નૃત્ય માટે જાણીતાં છે. સીદીઓનો કંઠ બુલંદ હોય છે. જેનો ઉપયોગ તેઓ નૃત્યમાં કરે છે. વળી નાળિયેરને અધ્ધર ઉછાળી માથાના તાળવે અથડાવીને નાળિયેરને ફોડે છે. આ ઉપરાંત મોરપિંછનાં ઝુંડ અને ઢોલકનો ઉપયોગ કરે છે. આ ઢોલકને પણ ધમાલ કહે છે.

**(4) ગોફ ગૂંથણ :** સૌરાષ્ટ્રના કોળી અને કણબી જાતિનાં પુરુષો રંગીન કાપડની પટ્ટી, રાશ કે દોરીને એક કડીમાં બાંધીને ગુચ્છો બનાવી તેની દોરીનો એક છેડો હાથમાં તથા બીજા હાથમાં દાંડિયો પકડીને નૃત્ય કરે છે. આ નૃત્યમાં દોરીનું ગૂંથણ કરવા યોગ્ય હલન-ચલન મુખ્ય છે. આ નૃત્યમાં માંડવો, વૃક્ષો કે સ્તંભની પણ મદદ લેવામાં આવે છે. આ રાસમાં અનેક પ્રકારનાં નર્તન રચાય છે. તેમાં સ્વસ્તિક વગેરે જેવા અનેક પ્રકારના આકારો રચાય છે.



**(5) ટિપ્પણી નૃત્ય :** ટિપ્પણી નૃત્ય એ શ્રમહારી નૃત્ય છે. ચોરવાડ અને વેરાવળની ખારવા કોમની બહેનો દ્વારા આંગણું ટીપવા અને ધાબું ભરવા માટે ચૂનાને પીસતી વખતે આ નૃત્ય કરવામાં આવે છે. આ ઉપરાંત આ નૃત્ય નારીઓની જીવનશૈલી તથા તેની ગુજરાન ચલાવવાની રીતનું એક સુંદર નૃત્ય છે. આ નૃત્યના ઘણા પ્રકાર છે : ભીલ બહેનોનું ટિપ્પણી નૃત્ય, કોળી બહેનોનું ટિપ્પણી નૃત્ય.

**(6) પઢારોનું મંજીરા નૃત્ય :** આ નૃત્ય નળકાંઠાના પઢારોનું છે. આ નૃત્ય જ્યારે થતું હોય ત્યારે સાગરનાં પાણી પર વહાણ હિલોળા લેતું હોય તેવું દૃશ્ય ઊભું થાય છે. હાથમાં મંજીરાના તાલ સાથે શરીરને સરસું પાછું રાખીને તેઓ તાલબદ્ધ રીતે બેઠા થાય છે. ઢીંચણ સુધી માથું નમાવીને પાછા માથાને જમીન સરસા લઈ જાય છે. આ નૃત્યમાં તબલા, એકતારો, મોટા મંજીરા વગેરે સંગીત વાદ્યનો ઉપયોગ થાય છે.



**(7) મેરાયો :** મેરાયો નૃત્ય એ બનાસકાંઠા જિલ્લાની ઠાકોર કોમનું નૃત્ય છે. સરખડ અને ઝૂંઝાળી નામના ઊંચા ઘાસમાંથી ઝૂમખાં ગૂંથીને આ મેરાયો બનાવવામાં આવે છે. આ ઝૂમખાં 'નાગલી' તરીકે ઓળખાય છે. મેરાયો ઘૂમાવતી આ ટોળી મેળાના સ્થળે પહોંચે છે. જ્યાં ખુલ્લી તલવારે પટ્ટાબાજી ખેલતાં બે પુરુષો દ્વન્દ્વ યુદ્ધ માટે એકબીજાને પડકારે છે. ત્યાં એકાએક બંને લડવૈયા એકબીજાને ભેટી પડે છે. આ વખતે 'હૂડીલા' ગવાય છે. આ 'હૂડીલા' એ બનાસકાંઠા વિસ્તારનું 'શૌર્યગાન' છે.



**(8) કોળી નૃત્ય :** કોળી એ સૌરાષ્ટ્રની રંગીલી કોમ છે. કોળી કોમનાં શરીર પાતળાં અને અજબ ચેતનવંતાં હોય છે. આ કોળીઓ તરણેતરના મેળામાં ભરત ભરેલી છત્રીઓ જેમાં લાલ-લીલા-પીળા રૂમાલ લટકતા હોય તે લઈને નૃત્ય કરે છે.

**(9) ડાંગી નૃત્ય/આદિવાસી નૃત્ય :** ડાંગ જિલ્લાના આદિવાસીઓનું આ નૃત્ય છે-ડાંગી નૃત્ય. 'ચાળો નૃત્ય' તરીકે ઓળખાય છે. ડાંગી નૃત્યના 27 જાતના તાલ છે. ડાંગી પુરુષો ગોળાકારે ઊભા રહી જાય છે. તેમના ખભા પર જુદી જુદી સ્ત્રીઓના એક એક પગ હોય છે.

**(10) માંડવી અને જાગનૃત્ય :** ઉત્તર ગુજરાતમાં નવરાત્રિમાં સોજા, મહેરવાડા, રૂપાલ, રાધનપુર વગેરે વિસ્તારમાં ઠાકરડા, પાટીદાર, રાજપૂત કોમની બહેનો બાજોઠના ચાર ખૂણે ખપાટો બાંધીને મંદિર જેવી મંડલી કે જાગ મૂકીને આ નૃત્ય કરે છે.

**(11) હૂડો નૃત્ય :** આ નૃત્ય ગુજરાતના પાંચાલ પ્રદેશમાં પ્રસિદ્ધ છે. તરણેતરના મેળામાં યુવાન કોળી સ્ત્રી-પુરુષો પીળાં રંગનાં ભરતકામ કરેલાં વસ્ત્રો પહેરી ઢોલના તાલે સામ-સામે હાથના હિલોળા અને પગના ઉલ્લાસ સાથે નૃત્ય કરે છે. સુંદર ભરતવાળી છત્રીઓ તેની ધાર પર મુગ્ધ કરી દે તેવી અરીસા ભરેલ વિશિષ્ટ શૈલીમય પટ્ટીઓથી સજાવેલી હોય છે.



**(12) મણિયારો - મેરનું ખમીરવંતું નૃત્ય :** મેર જાતિનાં ખમીર અને આકર્ષક બાહુબળ આ નૃત્યમાં જોવા મળે છે. ઢોલ, શરણાઈ, ઢાલ અને તલવાર સાથે થતું આ વીરરસ અને રૌદ્રરસ પ્રધાન નૃત્ય છે. આ નૃત્ય માટે અઢાર વર્ષના દૂધમાલિયા જુવાનિયાથી માંડીને એંસી વરસના ધોળી દાઢી ફરકાવતા વૃદ્ધ-જુવાનો રાસનાં મેદાનમાં ઊતરે ત્યારે જાણે મધ્યયુગનાં દૃશ્યો ખડાં થાય છે. શિસ્તબદ્ધ સિપાઈઓની જેમ તેમના પગલાં ઊપડે છે. ક્યારેક ક્યારેક એકથી દોઢ મીટર જેટલા ઊંચા તેઓ ઊછળે છે.

**(13) ભવાઈ :** અર્વાચીન સમયમાં સરકાર દ્વારા લોકકળાઓને મળતા પ્રોત્સાહનના પ્રયત્નોનો લોકભવાઈને પણ લાભ મળ્યો છે. વર્તુળમાં એક બાજુથી અભિનેતાઓ પ્રવેશ કરીને વર્તુળ વચ્ચે ગોળ ફરતાં ભવાઈ રમે છે. ભવાઈમાં સ્ત્રી-પુરુષનાં બધાં પ્રકારનાં પાત્રો પુરુષો જ કરે એવી પરંપરા છે.

**(14) વિંછુડો :** વિંછુડાનું પ્રસિદ્ધ નૃત્ય નવરાત્રિ દરમ્યાન ભજવવામાં આવે છે. આ ઉત્સવ માતા અંબિકાના નવ અવતારોને ઊજવવા માટે મનાવવામાં આવે છે. આ નૃત્યનું હાર્દ એ લોકનૃત્ય છે જે સ્થાનિક સંગીત સાથે કરવામાં આવે છે. આ નૃત્ય ગ્રામીણ પ્રજા દ્વારા પ્રસ્તુત કરવામાં આવે છે. એ તેમની દૃઢ શ્રદ્ધાને દર્શાવે છે. નૃત્યમાં ભારતના વિવિધ ગ્રામ્ય દેશોની વાર્તાઓનું પણ વર્ણન કરવામાં આવે છે.

## સ્વાધ્યાય

**1. ખાલી જગ્યા પૂરો :**

(1) ગુજરાતમાં માતાજીની સ્તુતિ માટે ...... ગાવામાં આવે છે.

(2) ગરબી માટે ...... અને ...... કવિ પ્રસિદ્ધ છે.

(3) સાસણગીરના સીદીઓનું ...... નૃત્ય પ્રસિદ્ધ છે.

(4) સ્તંભની મદદ ...... નૃત્યમાં લેવાય છે.

(5) વિછુંડાનું પ્રસિદ્ધ નૃત્ય ...... દરમિયાન ભજવાય છે.

**2. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) નળકાંઠાના પઢારો કયા પ્રકારનું નૃત્ય કરે છે ?

(2) કોળી નૃત્ય એ કયા પ્રદેશનું નૃત્ય છે ?

(3) ડાંગી નૃત્યને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

(4) ગુજરાતના પાંચાલ પ્રદેશમાં કયું નૃત્ય પ્રસિદ્ધ છે ?

(5) મેર જાતિના ખમીરવંતા નૃત્યમાં કયા કયા રસ જોવા મળે છે ?

●